

# હિંમતનું એક કદમ આપણું.., મદદનાં હજાર કદમ પ્રભુનાં...

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

સફળતા ભાગ્યને આધારે નહીં પરંતુ આત્મવિશ્વાસના આધારે પ્રાપ્ત થાય છે. પ્રભુના શબ્દો યાદ રાખજો 'વિજેતાઓ કંઈ જુદું કામ નથી કરતા. એ કામને જુદી રીતે કરે છે.' આ વાત એક સત્યઘટનાથી સમજીએ. જાપાનમાં એક મહાન યોદ્ધો થઈ ગયો. જેનું નામ હતું નોબુનગા. એક વખત નોબુનગાએ પોતાનાથી ૧૦ ગણા મોટા સૈન્ય સામે લડાઈ કરવાનું નક્કી કર્યું. એને પોતાના સૈનિકો પર પૂરો વિશ્વાસ હતો કે સામેનું સૈન્ય સંખ્યાબળની દૃષ્ટિએ ભલે ૧૦ ગણું મોટું હોય આમ છતાં પોતે જીતશે. સૈનિકોને હજુ આ બાબતે વિશ્વાસ ન હતો. થોડી શંકા હતી પોતાના વિજય પર.

નોબુનગાએ સૈન્ય સાથે કૂચ કરી. રસ્તામાં એક ધર્મસ્થાન આવ્યું. બધાને આ ધર્મસ્થાન પ્રત્યે ખૂબ આસ્થા હતી એ નોબુનગા સારી રીતે જાણતો હતો. એણે પોતાના સૈન્યને આ ધર્મસ્થાન પાસે ઊભું રાખ્યું અને સૈનિકોને સંબોધીને કહ્યું ''હું મંદિરમાં દર્શન અને પ્રાર્થના કરવા જાઉં છું. બહાર આવીને હું સિક્કો ઉછાળીશ જો છાપ પડશે તો આપણે જીતીશું અને જો કાંટો પડશે તો આપણે હારીશું. આપણે આપણી જાતને આપણા નસીબને હવાલે કરી દઈએ."

નોબુનગા ધર્મસ્થાનમાં ગયો અને પ્રાર્થના કરી. બહાર આવીને સિક્કો ઉછાળ્યો. બધા જ સૈનિકો નાચવા લાગ્યા કારણ કે છાપ પડી હતી. બધા એક સાવ નવી જ ચેતનાથી ભરાઈ ગયા હોય એવું લાગ્યું. યુદ્ધ થયું અને નોબુનગાનું સૈન્ય વિજેતા થયું.

વિજયસભાનું આયોજન થયું અને આ સભામાં નોબુનગાના એક ખાસ સૈનિકે કહ્યું "ભાગ્યને કોઈ બદલી નથી શકતું.

આપણા ભાગ્યમાં જીતવાનું લખ્યું હતું અને આપણે જીત્યા." નોબુનગાએ હસતા હસતા કહ્યું "ના, મિત્રો એવું નથી." આમ કહીને પેલો સિક્કો બતાવ્યો જેમાં બન્ને બાજુ છાપ જ હતી.

આપણામાં આત્મવિશ્વાસ વધારવા માટે સકારાત્મક વિચારધારા ખૂબ જ આવશ્યક છે. જેમ શરીરમાં પ્રાણવાયુનું હોવું આવશ્યક છે એટલું જ મહત્ત્વનું છે જીવનમાં આત્મવિશ્વાસનું હોવું. ભલે કંઈ પણ થઈ જાય આત્મવિશ્વાસ કદાપિ ગુમાવવો નહીં.

આત્મવિશ્વાસ વધારવા માટે છ મુખ્ય વાતને આપણે જીવનમાં દૃઢપણે ઉતારી લઈએ. સમર્થ સંકલ્પ સાથે એનું આચરણ કરીએ. પ્રથમ તો કોઈ પણ કામને માટે ના પાડશો નહીં.

ભલે એ કામ તમને આવડતું હોય કે ન આવડતું હોય પણ એ કામ માટે ઝંપલાવવું જરૂરી છે. ભલે નિષ્ફળ જઈએ, બીજી વખત, ત્રીજી વખત પરંતુ અંતે સફળતા અવશ્ય મળશે. બીજી વાત પોતાની સાથે વાત કરતા શીખો. "આ કામ હું જ કરી શકું છું, મારાથી જ થશે, હું નહીં કરું તો બીજું કોણ કરશે. પોતાની જાતમાં આત્મવિશ્વાસ કેળવો.

હું સારું કામ કરી શકું છું અને પોતાને સાક્ષીદૃષ્ટા બનીને એ કાર્યકર્તા નિહાળો." અને ત્રીજી વાત છે : "તમે તમારા કાર્ય માટે જ્યારે આત્મવિશ્વાસની જરૂર હોય છે ત્યારે તમારાં માતા-પિતા, શિક્ષક, મિત્ર અને શુભચિંતકો પાસેથી પ્રોત્સાહન મેળવો." ચોથી વાત છે : "નકારાત્મક વિચારોવાળી વ્યક્તિથી હંમેશાં દૂર રહો, જે તમને તમારા કાર્યમાં નિરુત્સાહી બનાવે, તમારું મનોબળ ઘટાડે, તમારી મજાક ઉડાવે એવી વ્યક્તિઓથી દૂર-રહો. એમની વાતો ધ્યાનમાં લેશો નહીં." પાંચમી વાત : "અસફળતામાંથી પણ પ્રેરણા મેળવી આત્મવિશ્વાસનો ધ્વજ હાથમાંથી છોડશો નહીં.

અસફળતા આપણને શીખવે છે કે મારામાં કંઈ કસર રહી ગઈ એમાં મારે ક્યાં પરિવર્તન લાવવાનું છે, એને માટે કઈ રીત અપનાવવી જોઈએ? આપ અસફળતા આપણને ઘણું બધું શીખવીને આપણા અનુભવમાં વધારો કરે છે." અને છેલ્લે છઠ્ઠી વાત : જ્યારે જ્યારે આત્મવિશ્વાસથી કામ કરવાનું હોય છે

> **આપણામાં આત્મવિશ્વાસ વધારવા માટે સકારાત્મક વિચારધારા ખૂબ જ આવશ્યક છે**

ત્યારે આત્માનો પિતા પરમાત્મા - ઈશ્વરનો સહારો અવશ્ય લો. "પરમાત્મા મારો સાથી છે" અને આ સમર્થ સંકલ્પ જ તમારામાં આત્મવિશ્વાસ ભરશે અને પરમાત્માને સાથે રાખીને કાર્ય કરશો તો એકદમ સરળ કાર્ય બની જશે એટલે જ ગવાયું છે કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા' અર્થાત્ આત્મવિશ્વાસથી જ પરમાત્મા તમને મદદગાર બનશે. તમે એક કદમ ઉપાડો પરમાત્મા હજાર કદમ તમારી સાથે રહેશે.

મિત્રો, આપણા રોજબરોજના જીવનમાં પ્રત્યેક સમર્થ સંકલ્પને જ પ્રવેશ આપો. નકારાત્મક વિચારોને દૂરથી જ નમસ્કાર કરો. સકારાત્મક વિચારોનું સ્વાગત કરો.

ભલે બધું હારી જઈશ પરંતુ પરમાત્માએ વરદાનમાં આપેલ આત્મવિશ્વાસ ક્યારેય ગુમાવીશ નહીં. આવી પ્રેરણા આપણે અને આપણા સ્નેહીજનોમાં, મિત્રમંડળમાં ભરતા રહીએ અને તેઓના પ્રેરણાસ્રોતમાં વધારો કરતા રહીએ એ જ શુભકામના સાથે...

# ચારિત્ર્યની મહેક

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

માર્ટિન લુથર કિંગે કહ્યું હતું કે વ્યક્તિનું મૂલ્યાંકન તેમની જાતિ, વર્ણ, કે રંગના આધારે નહીં પરંતુ તેમનામાં કેટલી ચારિત્રિક દૃઢતા છે તેના આધારે થવું જોઈએ.

આવું દૃઢ ચારિત્ર્ય એક ઉત્તમ રાજા અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. એટલે જ આપણી ભારતીય સંસ્કૃતિમાં બાળકોને શિક્ષણમાં જ શીલ, સદાચાર અને ચારિત્ર્યના પાઠ શિખવવામાં આવતા હતા. નચિકેતા, ધ્રુવ, લક્ષ્મણ જેવા અનેક ચારિત્ર્યયુક્ત બાળ-યુવાનોની ગાથા આજે પણ આપણે ગાઈએ છીએ.

લોક સમ્રાટ સરદાર વલ્લભભાઈ પટેલને આજે પણ લાખો યાદ કરે છે. કારણ છે શુદ્ધ પારદર્શી ચારિત્ર્ય ! સરદારના જીવનનો સંદેશ આપતું હિમાલયના શિખર સમું ગગનચુંબી Statue of Unity સ્ટીલ, સિમેન્ટનું માત્ર કોઈ પૂતળું નથી પરંતુ શુદ્ધ ચારિત્ર્યનું પ્રતિમાન છે.


આજના ભૌતિક યુગમાં જ્યારે ધન અને સમૃદ્ધિને વધારે મહત્ત્વપૂર્ણ સમજીને તે પ્રમાણે જીવનની દિશા અને દશા નક્કી કરે છે તેવા લોકોને યાદ કરાવવામાં આવ્યું છે કે

If wealth is lost, nothing is lost;
If health is lost, something is lost;
But if character is lost, everything is lost.

સ્પષ્ટ છે કે જીવનમાં સૌથી વધારે અગત્યનું ચારિત્ર્ય છે. ધનાદિક અન્ય બાબતોનો મબલખ પુરવઠો હોવાં છતાં બોક્સર મોહમ્મદ અલી અને માઈકલ જેક્શન જેવા તેજસ્વી તારલાઓને પણ કોર્ટના ફરમાનોએ ડાઘ લગાડ્યા છે તે જગજાહેર છે. આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી પણ શા માટે માણસનું ચારિત્ર્ય આટલું વહેલું ઓગળી જાય છે. તેનું કારણ છે અંદરથી ચારિત્ર્યની મહત્તા સમજાઈ નથી. વળી, તેના માટે વિચારનું સાતત્ય પણ દેખાતું નથી.

કેવળ માન માટે, જાહેરમાં ચારિત્ર્ય બતાવવું એ ચારિત્ર્યની પરખ નથી પરંતુ ખરેખર તો 'Character is known in the dark', જ્યારે આપણા પર કોઈની નજર ન હોય ત્યારે આપણે કઈ રીતે વર્તીએ છીએ, એના આધારે આપણા ચારિત્ર્યનું માપ નીકળે છે.

13 July, 1977ના દિવસે અત્યાર સુધી ક્યારેય ન બની હોય તેવી ઘટના અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં બની. સમય હતો રાતે 9.30 વાગ્યાનો. આખું શહેર અચાનક ગાઢ અંધકારમાં ડૂબી ગયું, કારણ હતું Power cut off. ગણતરીના કલાકો બાદ સવારે સૂરજે ક્ષિતિજ પરથી ડોકિયું કર્યું ત્યારે ખબર પડી કે શહેરનાં તમામ શો-રૂમ, નાની નાની દુકાનો તથા મોલ લુંટાઈ ચૂક્યાં છે. પોલીસે તપાસ આદરી તો જાણવા મળ્યું કે સુખી ઘરનાં કહેવાતા લોકો પણ આ Black night robberyમાં સામેલ હતા. થોડા સમય માટે અંધારું થયું તેમાં માણસની અસલ વૃત્તિ બહાર આવી ગઈ. આ જે અસલ વૃત્તિ છે તે જ માણસના ચારિત્ર્યનો માપદંડ છે. ચારિત્ર્યને દેખાડવાની જરૂર નથી તે ગમે ત્યારે સહેજે દેખાઈ જ જશે. પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ પણ ઘણી વાર કહેતા : "અંદરથી ચારિત્ર્ય દૃઢ



કરો અને શુદ્ધ ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો" તે માટે તેઓએ એવા ચારિત્ર્યવાન યુવાનોની ફોજ તૈયાર કરી જે અંદરથી શુદ્ધ ચારિત્ર્યવાન હોય. પ્રમુખસ્વામી મહારાજને અમેરિકામાં એક વખત 10 શહેરોની 'કિ ટુ ધ સિટી' અર્પણ કરવામાં આવી. એક ભારતીય ધર્મગુરુ માટે આ મોટું સન્માન હતું. આ સમાચારે કેવળ ભારતીયો જ નહિ પરંતુ ત્યાંના મૂળ નિવાસીઓને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. તેમાંના એક શહેરના નાગરિકોએ તેમના મેયરને વાત કરી, "તમે ક્યારેય પ્રમુખસ્વામીને જોયા નથી, એમના પ્રસંગમાં આવ્યા નથી, એમના જીવન વિશે કાંઈ જાણતા નથી છતાં આટલું મોટું સન્માન શા માટે આપ્યું? ચકાસણી કરીને આપો." ત્યારે મેયરે જવાબ આપ્યો, "તમારી વાત સાચી છે, અમે પ્રમુખસ્વામી વિશે જાણતા નથી પણ તેના યુવાન શિષ્યો આપણા શહેરમાં રહે છે. તેમનું ચારિત્ર્ય એટલું ઉત્કૃષ્ટ છે કે તેમને જોઈને અમને વિચાર આવ્યો કે જેના શિષ્ય આવા હોય તેના ગુરુ કેવા હશે."

કૂવામાં હોય તો હવાડામાં આવે, એ કહેવત પ્રમાણે ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય બે આની વર્તે. પ્રમુખસ્વામી મહારાજ સોળ આની વર્તનારા ગુરુ હતા.

> **જીવનમાં સૌથી વધારે અગત્યનું ચારિત્ર્ય છે. ખરેખર તો 'Character is known in the dark', જ્યારે આપણા પર કોઈની નજર ન હોય ત્યારે આપણે કઈ રીતે વર્તીએ છીએ, એના આધારે આપણા ચારિત્ર્યનું માપ નીકળે છે**

તેમની પાસે ગંગા જેવી પવિત્રતા હતી અને હિમાલય જેવા ઉચ્ચ ચારિત્ર્યની શક્તિ હતી. જો કે એમની મૂડી હતી બે જોડી કપડાં અને એક માળા. છતાં તેમના ચારિત્ર્યથી નતમસ્તક બ્રિટન, કેનેડા, કેન્યા જેવા દેશોની પાર્લામેન્ટે તેમનું અભૂતપૂર્વ સન્માન કર્યું હતું.

સામાન્ય રીતિથી જીવન જીવીને લોકોના હૃદય પર રાજ કરનાર સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ પોતાના જીવન દ્વારા આ પ્રેરણા આપી ગયા. તેમના જીવનથી આપણે પણ પ્રેરણા પ્રાપ્ત કરીને શુદ્ધ ચારિત્ર્યવાન સમાજનો ભાગ બનીએ.